# આજે શિવરાત્રી : શિવભક્તિથી નગર તેજોમય બનશે

**શિવાલયોને રંગોલી અને રોશનીથી સુશોભિત કરાયા : ઓમ નમ : શિવાયના જયઘોષ વચ્ચે શિવાલયોમાં ભાવિકોની ભીડ જામશે : ચાર પ્રહરની પુજા , મહાઆરતી ભજન , શિવમહીમ્મન , લઘુરુદ્ર સહીતના ધાર્મિક કાર્યક્રમો : શિવજીની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકો શિવલીંગ પર દુધ અને જળનો અભિષેક કરશે**

ગાંધીનગર તા ૩

આજે શિવરાત્રી.. ભોળાનાથની ભકિત આરાધના માટેનો શ્રેષ્ઠ દિવસ આમ તો શિવજીની ભક્તિ માટે બારેમાસ મંદિરોમાં ભાવિકોની ભીડ જોવા મળે છે. પરંતુ શિવરાત્રીના દિવસનુ ધાર્મિક રીતે વિશેષ મહત્વ હોવાથી આજે નગરના શિવમંદિરોમાં વિશેષ શણગાર વચ્ચે શિવજીની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકોની ભીડ જામશે. ઓમ નમ : શિવાયના જયઘોષથી શિવાલયો ગુંજી ઉઠશે. ભાવિકો દ્વારા શિવલીંગ પર જળ તેમજ દુધનો અભિષેક કરીને ભોળાનાથને રીઝવવા તેમજ તેમની કૃપા દ્રષ્ટી મેળવવા મહાપુજા સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. નગરના શિવમંદિરો રંગબેરંગી રોશની તેમજ રંગોળીથી સુશોભિત કરવામાં આવ્યા છે. સોમવાર અને શિવરાત્રીના અનોખા સંયોગના લીધે ભાવિકોની આસ્થા બેવડાઈ છે. જયારે શિવરાત્રી નિમિત્તે ચાર પ્રહરની પુજા ઉપરાંત લઘુરુદ્ર, શિવમહીમ્મન સ્તોત્ર, ભજન અને મહાઆરતી સહીતા ધાર્મિક કાર્યક્રમોનુ પણ શિવાલયોમાં આયોજન કરાયુ છે. જયારે શહેર તેમજ આસપાસના વાસણ મહાદેવ અને ધોળેશ્વર મંદિર ખાતે પણ ભવ્ય મેળાનુ આયોજન કરાયુ છે.



આજે શિવરાત્રી ..ભોળાનાથની ભક્તિ આરાધના માટેનો ઉત્તમ દિવસ..શિવરાત્રીએ ભોળા શિવજીની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકો શિવલીંગ પર જળ અને દુધનો અભિષેક કરે છે. ભોળાનાથને બીલીપત્ર અર્પણ કરી મનોકામના પુર્ણ કરવા આર્શીવાદ પ્રાપ્ત કરે છે. શિવજીની ગણના સૌથી ભોળા માનવામાં આવતા ભક્તો પર જલ્દીથી પ્રસન્ન થઈ પોતાની કૃપા દ્રષ્ટી કરતા હોવાની શ્રધ્ધા સાથે ભાવિકો પણ ભોળાનાથ રીઝવવા માટે આખો દિવસ શિવનામ જપે છે. ઓમ નમ : શિવાયની ધુન , ભજન , શિવમહીમ્મન સ્તોત્ર , લઘુરુદ્ર ,મહાઆરતી સહીતના ધાર્મિક કાર્યક્રમો પણ વિશેષ રૂપે આ દિવસે કરવામાં આવે છે. ગાંધીનગરમાં પણ આ પાવન પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવે છે. શહેરના શિવાલયોમાં ઠેર ઠેર અનોખો શણગાર અને સુશોભન જોવા મળશે. શિવરાત્રી નિમિત્તે શિવલીંગની પુજા પણ વિશેષ રીતે કરવામાં આવશે. શહેરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરમાં પણ શિવરાત્રી નિમિત્તે વિશેષ શણગાર સાથે શિવજીની મહાપુજા અને મહાઆરતી યોજાશે. જયારે સે-૨૧ સ્થિત વૈજનાથ મહાદેવ મંદિરમાં પણ શિવરાત્રી નિમિત્તે શિવાલયને સુશોભિત કરી પુજા અર્ચના સહીત ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરમાં પણ શિવરાત્રીને અનુલક્ષી મહાપુજા તેમજ મહાઆરતી સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ દિવસે મંદિરોનો પાટોત્સવ હોવાના લીધે મંદિરને પણ વિશેષ શણગાર કરવામાં આવ્યો છે. સે-૪ ઓમકારેશ્વર મંદિરમાં પણ શિવરાત્રી પર્વની ઉજવણીને અનુલક્ષી ભાવિકોએ ધામધુમપુર્વક તૈયારીઓ કરી છે. શહેરમાં શિવજીના પ્રસાદરૂપે ભાંગનુ વિતરણ પણ ભાવિકોને કરવામાં આવશે. ગાંધીનગર આસપાસના વાસણ મહાદેવ મંદિર તેમજ ધોળેશ્વર મહાદેવ મંદિર અને કોટેશ્વર મંદિરમાં પણ ભોળાનાથની ભક્તિ પુજા માટે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે.

## પંચદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ અને વાસણિયા મહાદેવ ખાતે લોકમેળા ભરાશે

શહેરમાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ સુપ્રસિદ્ધ પંચદેવ મંદિર ખાતે લોકમેળો ભરાશે અને માનવ મહેરામણ દર્શનાર્થે ઉમટી પડશે. આ ઉપરાંત ગાંધીનગરના પૌરાણિક ધોળેશ્વર મહાદેવ અને વાસણિયા મહાદેવના મંદિરે પણ પરંપરાગત લોકમેળા ભરાશે. શ્રદ્ધાળુઓ શિવજીના દર્શન સાથે શિવલિંગ પર વિવિધ અભિષેક કરી જયનાદ ગજવશે અને પરિવાર સાથે મેળાનો પણ આનંદ માણશે.

## ● બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રીની ઉજવણી

મહા શિવરાત્રીના પર્વ નિમિત્તે શહેરના સે. ૨૮ સ્થિત બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા શિવ ધ્વજારોહણ, બરફના દિવ્ય જ્યોતિર્લિંગની ઝાંખી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના સેક્ટર-૨૩ ખાતે વિરાટનગર સોસાયટીના જ્યોતેશ્વર મહાદેવ ખાતે બરફના જ્યોતિલિંગની ઝાંખી, વિશ્વ નવ નિર્માણ આધ્યાત્મિક પ્રદર્શન વગેરે યોજાશે. આ સાથે તા. ૫ થી ૭ માર્ચ સવારે ૮ થી ૯ દરમ્યાન અને બપોરે ૪ થી ૫ દરમ્યાન અને રાત્રે પણ ૮ થી ૯ વાગ્યા દરમ્યાન પણ તણાવ મુક્તિ માટે સહજ રાજયોગ શિબિરનું આયોજન કરાયું છે. આ ઉપરાંત સરગાસણ કેન્દ્ર ખાતે સવારે ૬ થી રાત્રે ૧૦ બરફના દિવ્ય જ્યોતિર્લિંગની ઝાંખી, વિશ્વ નવ નિર્માણ પ્રદર્શન અને તા. ૫ થી ૧૧ માર્ચ દરમ્યાન સવારે ૮ થી ૯, બપોરે ૪ થી ૫ અને રાત્રે ૮ થી ૯ વાગ્યા સુધી સહજ રાજયોગ શિબિર યોજાશે. આજ પ્રકારે સે. ૩૦માં સર્વોદયનગર સોસાયટીના બ્લોક નં. ૨૮ ખાતે સવારે ૬ થી ૧૦ બરફના જ્યોતિર્લિંગ, શિવ કાર્યક્રમ, નૃત્ય નાટિકા, ગીત સંગીત સાથે તા. ૫ થી ૧૧ માર્ચ દરમ્યાન સવારે ૮ થી ૯, બપોરે ૪ થી ૫ અને રાત્રે ૮ થી ૯ દરમ્યાન સહજ રાજયોગ શિબિર યોજાશે. આ ઉપરાંત સરઢવ અને રાંદેસણ ખાતે પણ પ્રદર્શન શોભાયાત્રા સહિત સોમનાથ દર્શન અને શિવયોગ અનુભૂતિ વિડિયો શૉ, શિવરાત્રી રહસ્ય દર્શન, વેલ્યુ ગેમ શૉ જેવા કાર્યક્રમો સાથે રાજયોગ શિબિર યોજાશે.

## ● સમદર્શન આશ્રમ, સેક્ટર-૧

ગાંધીનગરમાં મહાશિવરાત્રીનું પર્વ ભારે શ્રદ્ધાપૂર્વક ઉજવાશે. શહેરના સેક્ટર-૧ ખાતેના સમદર્શન આશ્રમ સ્થિત કૃપાનિધિ મહાદેવ ખાતે શિવરાત્રી નિમિત્તે સવારે પૂજા-આરતી પછી ૬ કલાકથી સાંજના ૫ કલાક સુધી ''ૐ નમઃ શિવાય'ના મંત્રોચ્ચાર યોજાશે. આ મંત્રોચ્ચાર પછી પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજી દ્વારા વેદોક્ત મંત્રોચ્ચાર સહિત ષોડશોપચા પૂજા કરવામાં આવશે. આ પછી આરતી-પ્રસાદ અને ભજન-ધૂનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સમગ્ર કાર્યક્રમ રાત્રે ૯ કલાક સુધી ચાલશે.

## ● સોમનાથ મહાદેવ, સે. ૧૬ ખાતે પાટોત્સવ સહિતના આયોજન

શહેરની મધ્યમાં સેક્ટર-૧૬ ખાતે સોમનાથ મહાદેવના મંદિરમાં મહાશિવરાત્રીના દિવસે મંદિરનો પાટોત્સવ ઉજવાશે. પાટોત્સવ સાથે મંદિરમાં લઘુરુદ્રપૂજા, મહાપૂજા અને સાંજે ભજન-ધૂનનો કાર્યક્રમ યોજાશે. મહા શિવરાત્રી પર્વ નિમિત્તે મંદિરનો વિશેષ શણગાર કરાશે તેમજ રાત્રે ૧૨ કલાકે મહાઆરતી ઉપરાંત ચાર પ્રહરની પૂજા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

## ● સિદ્ધનાથ મહાદેવ, વાવોલ

મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે વાવોલના પ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવના મંદિરે વિશેષ શણગાર સાથે પૂજા યોજાશે. ભાવિકો શિવલિંગ પર દૂધ, પાણી, બિલીપત્ર વગેરેનો અભિષેક કરશે અને ઓમ નમઃ શિવાયના નાદથી મહાદેવનું મંદિર ગુંજી ઉઠશે.



## આલમપુર ગામમાં વર્ષો જૂનો વિશાળ વડ અચાનક ધરાશયી

ગાંધીનગર તાલુકાના આલમપુર ગામના મુખ્ય ચોક પાસે વર્ષો જૂનો પુરાણો વિશાળવડ અચાનક મૂળમાંથી ધરાસયી થતાં ગામના દંતાણી પરિવારનો એક બાળક નીચે આવી જતાં ઈજા પહોંચતા તુરત જ સારવાર અર્થે દવાખાને લઈ જવાયો હતો. આ વિશાળ વડનું વૃક્ષ પડી જતાં વાયુવેગે સમાચાર ગામમાં પ્રસરતાં ગ્રામજનો નિહાળવા દોડી આવ્યા હતા.

# ગાંધીનગરમાં એક લાખથી વધુ પરિવારોનું શૌચાલય એટલે ઉપર આભ નીચે ધરતી

## ગ્રામીણ ગાંધીનગરમાં સ્થિતિ વધુ બદતર

ગાંધીનગરના કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવારમાંથી ૧ લાખ ૧૬ હજાર પરિવારો એવા છે કે જેમને નિવાસ-પરિસરની અંદર શૌચાલયની વ્યવસ્થા જ નથી. ગાંધીનગર ગ્રામીણ વિસ્તારમાં આવા પરિવારોની સંખ્યા વધારે છે જ્યારે શહેરી વિસ્તારમાં સંખ્યા ઓછી છે. સેન્સસ ૨૦૧૧ના ગુજરાત શ્રૃંખલા ૨૫ અનુસાર ગાંધીનગરના શહેરી વિસ્તારમાં ૨૪ હજારથી વધુ પરિવારોને પરિસરમાં સંડાસની વ્યવસ્થા નથી જ્યારે ગ્રામીણ વિસ્તારની સ્થિતિ ચકાસીએ તો ગાંધીનગર શહેરી ઈલાકા કરતાં અહીં આવા પરિવારોની સંખ્યા ત્રણ ગણી છે, એટલે કે ૯૧ હજારથી વધુ પરિવારો છે કે જેમને ઘર-પરિસરને સેન્સસ ગણતરીમાં લેવામાં આવે ત્યારે એ જરૂરી નથી કે શૌચાલય રૂમ-રસોડાની છત નીચે આવેલુ હોય. એ દ્ષ્ટિએ જોતા સામાજિક વિકાસમાં આપણે ઘણુ વધુ કામ કરવાની આવશ્યકતા છે અને એમાંય ગ્રામીણ ક્ષેત્ર ઉપર વધુ ભાર આપવો પડે એવી સ્થિતિ છે.




આંકડાઓના આધારે વધુ સમજવાનો પ્રયાસ જારી રાખીએ તો સ્થિતિ વધુ ચિંતાજનક છે. ગાંધીનગરમાં જે ૧ લાખ ૧૬ હજાર પરિવારો પાસે પરિસરમાં શૌચાલયની વ્યવસ્થા નથી એ પરિવારો પૈકી ૯૬ ટકા પરિવારો એવા છે કે જેમને ખુલ્લામાં શૌચાલય અર્થે જવું પડે છે. શહેરી ગાંધીનગરાઓને પણ આ પરિસ્થિતિ કેટલી વિકટ કહેવાય તેની સમજ પડે એમ છે. વિચાર કરવા જેવો છે કે આ એક લાખથી વધુ પરિવારના સદસ્યોને ત્રણેય ઋતુઓ ઠંડી, ગરમી અને વરસાદની સ્થિતિમાં ય શૌચાલય અર્થે બહાર જવું પડે છે. આપણે એમ પણ ન વિચારવુ જોઈએ કે આવા પરિવારોની મહિલાઓ-બાળકો-વૃદ્ધો માટે કેવી કપરી સ્થિતિ છે બલ્કે આપણે એમ પણ વિચારવું જોઈએ કે પુરુષો માટે પણ આ પરિસ્થિતિ દુઃખદ જ છે. સામાજિક વિકાસમાં સમાજ-પરિવારના સ્ત્રી-પુરૂષ, આબાલ વૃદ્ધ એવા ભાગલા પાડીને નહીં પણ સમગ્રતયા વિચારવું પડશે.

ગાંધીનગરના કુલ ૧ લાખ ૧૧ હજાર પરિવારોને ખુલ્લામાં સંડાસ અર્થે જવું પડે છે. એ પૈકી શહેરી વિસ્તારમાં ૨૧ હજાર પરિવારોને અને ગ્રામીણ વિસ્તારમાં ૯૦ હજાર ૯૦ હજાર પરિવારોની સવારના પહોરમાં હાથ પાણીના ડબલા કે પાણીની બોટલ લઈને મળમૂત્ર વિસર્જન અર્થે જવું પડે છે. જે પરિવારો માટે પરિસરમાં સંડાસની વ્યવસ્થા નથી તે પૈકી માત્ર ૪૨૭૩ પરિવારો જ એવા છે કે જેઓ વૈકલ્પિક વ્યવસ્થારૂપે જાહેર સૌચાલયનો ઉપયોગ કરે છે. એક તરફ ઘરમાં શૌચાલય ન હોય તો સમજી શકીએ કે એમને બહાર વૈકલ્પિક વ્યવસ્થાનો લાભ મળે એ માટે જાહેર શૌચાલયની વ્યવસ્થા પૂરી પાડવી જોઈએ. જો સરકાર કે સેવાભાવી સંસ્થાઓએ આવી સેવા પૂરી પાડી હોય તો વધુ ચિંતાનો વિષય છે. જે પરિવારજનો પેઢીઓથી ખુલ્લામાં શૌચાલય જવા માટે ટેવાઈ ચૂક્યા છે, એમની ટેવ બદલવી પડશે. સરકારનું સૂત્ર છે 'શૌચ કી સોચ બદલની ચાહિએ' ત્યારે આપણે સૂત્રને સહેજ સુધારીને કહેવું પડશે 'ખુલ્લામાં શૌચની આદત બદલવી જોઈએ.'




શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાન, ભારત સરકાર

સત્યમેવ જયતે

ગુજરાતમાં પ્રથમવાર


અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ

ફેઝ-૧નું લોકાર્પણ તથા ફેઝ-૨નું ભૂમિપૂજન



શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

| મેટ્રો રેલ પ્રોજેક્ટ | રૂટ (ક્યાંથી ક્યાં સુધી) | રૂટનું અંતર (કિ.મી.) | કુલ સ્ટેશન | પ્રોજેક્ટનો કુલ અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|
| ફેઝ-૧ | થલતેજ ગામ થી વસ્ત્રાલ ગામ<br>એ.પી.એમ.સી. થી મોટેરા | ૪૦.૦૩ | ૩૨ | ₹ ૧૦,૭૭૩ કરોડ |
| ફેઝ-૨ | મોટેરા થી મહાત્મા મંદિર<br>જી.એન.એલ.યુ. થી ગીફ્ટ સીટી | ૨૮.૨૬ | ૨૦ | ₹ ૫,૩૮૪ કરોડ |



ભારત અને ગુજરાત સરકારનું સંયુક્ત સાહસ
ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લિમીટેડ
આપણી મેટ્રો

"મેટ્રો રેલ પ્રોજેક્ટથી અમદાવાદ અને ગુજરાતના વિકાસને વેગ મળશે."
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તારીખ: ૪ માર્ચ, ૨૦૧૯
સમય: બપોરે ૪.૩૦ વાગે (વસ્ત્રાલ)